

# મહાકાય અજગરને કેન્સરની સારવાર અપાઇ

**મનુષ્યો** માટે વપરાતી કેન્સરની સારવાર મેળવનારો વિશ્વનો પહેલો સરિસૃપ

**જડબામાંની** ગાંઠ ઓપરેશનથી દૂર કરાઇ, ઇલેક્ટ્રોકેમોથેરાપી અપાઇ

લંડન, તા. ૨૧: જોડી ફોસ્ટર નામનો અજગર મનુષ્યો માટે વપરાતી કેન્સરની સારવાર મેળવનારો વિશ્વનો પહેલો સરિસૃપ બન્યો છે.

ચેસ્ટર ઝૂના પશુચિકિત્સકોનું કહેવું છે કે, જડબાના હાડકા પરના ટ્યુમર માટે 'ઈલેક્ટ્રોકેમોથેરાપી' લીધા પછી આ 15 ફૂટ લાંબો સરિસૃપ ફરીથી તેના 'તેજસ્વી અને ઉત્સાહી સ્વભાવ'માં આવી ગયો છે.

90 મિનિટની આ સર્જરી માટે, ડબલ બેડ જેટલી જગ્યા બનાવવા માટે બે ઓપરેટિંગ ટેબલ એકસાથે રાખવા પડ્યા હતા. આ 23 વર્ષીય રેટીક્યુલેટેડ અજગર બે દાયકા પહેલા જ્યારે આ પ્રાણીસંગ્રહાલયમાં આવ્યો અને કર્મચારીઓએ તેના કાગળો પર JF નામના અક્ષરો જોયા, ત્યારે ઓસ્કાર વિજેતા શ્રિમતી ફોસ્ટરના નામ પરથી તેનું નામ પાડવામાં આવ્યું હતું.

વર્ષ 2024માં તેની એક ટ્યુમર દૂર કરવામાં આવી હતી, પરંતુ ગયા વર્ષે આ ગાંઠ ફરી ઉભરી આવી હતી. આ પ્રક્રિયામાં, ઈલેક્ટ્રોકેમોથેરાપી આપતા પહેલા ટ્યુમર અને તેના જડબાના હાડકાનો કેટલોક ભાગ દૂર કરવામાં આવ્યો હતો, જેથી બાકી રહેલા કેન્સરના કોષોને લક્ષ્ય બનાવી શકાય.

# મોબાઈલ ફોનના વિવાદમાં આખો પરિવાર હોમાયો

**નવો ફોન** ન મળતાં નારાજ પુત્રને બચાવવા જતાં પિતા-પુત્ર નીચે પડ્યા; આઘાતમાં માતાએ પણ ઝંપલાવ્યું



છત્રપતિ સંભાજીનગર, તા. 21 (પીટીઆઈ): મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરમાં મોબાઈલ ફોનને લઈને પરિવાર વચ્ચે થયેલા વિવાદ બાદ દુઃખદ ઘટનામાં એક જ પરિવારના 3 સભ્યોનાં મોત થયાં હતાં. પોલીસના જણાવ્યા મુજબ પુત્રને રોકવાના પ્રયાસ દરમિયાન પિતા-પુત્ર બંને પહાડી પરથી નીચે પડી ગયા હતા, જ્યારે ત્યારબાદ માતાએ પણ જીવ ગુમાવ્યો હતો.

આ ઘટના બપોરે વાલુજ MIDC પોલીસ મથક હેઠળના તિસગાંવ વિસ્તારમાં બની હતી. મૃતકોની ઓળખ શહેરના ઝાલ્ટા ફાટા વિસ્તારના રહેવાસી 48 વર્ષીય મુરલીધર ચંદગુડે, તેમનાં પત્ની સંગીતા અને 19 વર્ષીય પુત્ર કુણાલ તરીકે થઈ છે. અધિકારીઓના જણાવ્યા મુજબ સવારે આશરે 10 વાગ્યે નવા મોબાઈલ ફોનની માગને લઈને માતા-પિતા સાથે થયેલા વિવાદ બાદ કુણાલ નારાજ થઈને પહાડી પર ગયો હતો.

# ચાંચિયાઓએ 22 ભારતીયો સાથેના બે જહાજોનું કર્યું અપહરણ

**એડનના** અખાતમાંથી ૨૦ ઓગસ્ટે ૧૬ ભારતીયો સાથેના જહાજનું અપહરણ થયું, આ પહેલા ૧૭મીએ સોમાલિયાના પંટલેન્ડ કિનારેથી ૬ ભારતીયો સહિતના અન્ય એક જહાજનું અપહરણ થયું હતું

**બંને** જહાજો પરના ભારતીયો સહિત તમામ ખલાસીઓ સલામત હોવાના અહેવાલ: અપહરણ ચાંચિયાઓએ કર્યું છે, ઇરાન યુદ્ધ સાથે સંબંધ જણાતો નથી

નવી દિલ્હી, 21 ઓગસ્ટ (PTI): યમન અને સોમાલિયાના દરિયાકિનારે બે અલગ-અલગ ઘટનાઓમાં સશસ્ત્ર ચાંચિયાઓ દ્વારા કુલ 22 ભારતીય નાગરિકોને લઈ જતા બે વ્યાપારી જહાજોનું અપહરણ કરવામાં આવ્યું છે, એમ શિપિંગ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું.

મળતી તાજેતરની માહિતી મુજબ બંને જહાજો પર સવાર ભારતીય ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત છે, તેમ અધિકારીએ જણાવ્યું હતું.ઈરિટ્રિયાનો ધ્વજ ધરાવતા ઓઈલ પ્રોડક્ટ્સ ટેન્કર M.T. Sibu 1 (જેમાં 16 ભારતીયો સહિત 20 ક્રૂ મેમ્બર્સ સવાર છે) નું 20 ઓગસ્ટે યમન કિનારેથી લગભગ 30 નોટિકલ માઈલ દૂર 'ગલ્ફ ઓફ એડન'માં અપહરણ કરવામાં આવ્યું હતું.

ક્રૂ મેમ્બર્સમાં એક સીરિયન, એક સુદાનિઝ અને એક ઈરાકી નાગરિક પણ સામેલ છે, જ્યારે અન્ય એક દરિયાઈ ખલાસીની રાષ્ટ્રીયતાની પુષ્ટિ થવાની બાકી છે.અધિકારીના જણાવ્યા અનુસાર, કેમરૂનનો ધ્વજ ધરાવતા બીજા જહાજ M/V LUTUFનું 17 ઓગસ્ટે સોમાલિયાના પંટલેન્ડ કિનારેથી અપહરણ કરવામાં આવ્યું હતું. આ જહાજમાં 6 ભારતીયો સહિત 10 ક્રૂ મેમ્બર્સ છે.'ફોરવર્ડ સીમેન્સ યુનિયન ઓફ ઈન્ડિયા'(FSUI) એ X પર એક પોસ્ટમાં ઈરાન યુદ્ધ વચ્ચે ભારતીય ખલાસીઓ દ્વારા સામનો કરવામાં આવી રહેલા જોખમો અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

# માર્ક ઝુકરબર્ગે આયર્લેન્ડમાં ૩૩૫ કરોડ રૂપિયાના ખર્ચે ભવ્ય મહેલ ખરીદ્યો

**વિશાળ** જમીન સાથે આ મિલકત ૪૪૦ એકરના વિસ્તારમાં ફેલાયેલી છે



ડબ્લિન, તા. ૨૧: માર્ક ઝુકરબર્ગે એક નવું ઘર ખરીદ્યું છે. મેટાના CEO હવે આયર્લેન્ડમાં આવેલા એક ઐતિહાસિક કિલ્લા(મહેલ)ના ગૌરવશાળી માલિક બની ગયા છે, જે તેમણે કથિત રીતે 30 મિલિયન પાઉન્ડ (લગભગ 335 કરોડ રૂપિયા) સુધીનો ખર્ચ કરીને ખરીદ્યો છે. આ કિલ્લાનું નામ 'સ્ટ્રેનકેલી કેસલ' છે અને તે દક્ષિણ-પૂર્વ આયર્લેન્ડમાં આવેલો છે. આ પ્રોપર્ટી સાથે 440 એકરની વિશાળ જગ્યામાં ફેલાયેલી છે.

'ધ આઈરિશ ટાઈમ્સ'ના એક અહેવાલ મુજબ, ઝુકરબર્ગ અને તેમની પત્ની પ્રિન્સિલા ચાન એ ઘણા અઠવાડિયા પહેલા એક ઓફ-માર્કેટ ડીલ દ્વારા આ કિલ્લો ખરીદ્યો હતો.

જોકે, આ સોદાની નોંધણી હજુ સુધી આયર્લેન્ડના પ્રોપર્ટી પ્રાઈસ રજિસ્ટરમાં થઈ નથી.

સોદાની ચોક્કસ કિંમત જાહેર કરવામાં આવી નથી, પરંતુ એવું માનવામાં આવે છે કે સ્ટ્રેનકેલી કેસલની કિંમત 20 મિલિયન પાઉન્ડ (લગભગ 223 કરોડ રૂ)થી 30 મિલિયન પાઉન્ડ (લગભગ 335 કરોડ રૂ.)ની વચ્ચે હોઈ શકે છે. આ કિલ્લો ડબલિનમાં આવેલા મેટાના આંતરરાષ્ટ્રીય મુખ્યાલય (HQ) થી લગભગ 200 કિલોમીટર દૂર આવેલો છે.

# પેજ3

## ગોવામાં અર્જુન રામપાલ અને ગેબ્રિએલાના ગુપચુપ કોર્ટ મેરેજ



પણજી, તા. 21: બોલિવૂડનો હેન્ડસમ હંક અર્જુન રામપાલ અને તેની લોંગ-ટાઇમ ગ્લેમરસ પાર્ટનર ગેબ્રિએલા ડેમેટ્રિએડ્સ આખરે લગ્નગ્રંથિથી જોડાઈ ગયા છે! 2018થી સાથે રહેતા આ હોટ કપલે ગોવાના બારદેઝ સબ-રજિસ્ટ્રાર ઓફિસે જઈને ગુપચુપ કોર્ટ મેરેજ કરી લીધા છે. બે ક્યૂટ પુત્રો અરિક અને અરાવના પેરેન્ટ્સ એવા આ કપલે તાજેતરમાં જ રિયા ચક્રવર્તીના પોડકાસ્ટમાં પોતાની એન્ગેજમેન્ટ કન્ફર્મ કરી હતી, જ્યાં અર્જુને રમુજી અંદાજમાં કહ્યું હતું કે તે ગેબ્રિએલાની હોટનેસ પર ફિદા થયો હતો! સાઉથ આફ્રિકન મોડલ અને ડિઝાઇનર ગેબ્રિએલા સાથેના આ રજિસ્ટર્ડ મેરેજથી હવે તેમનો આ પરફેક્ટ લવ સ્ટેટસ ઓફિશિયલ બની ગયો છે.

## કરીના કપૂરની ત્રીજી પ્રેગ્નન્સીની અફવા તેજ: જીમ લુક જોઈને યુઝર્સ ચોંક્યા



મુંબઈ, તા. 21: બોલિવૂડની બેબો એટલે કે કરીના કપૂર ખાનનો એક તાજેતરનો જીમ વીડીયો ઈન્ટરનેટ પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેણે તેની ત્રીજી પ્રેગ્નન્સીની ચર્ચાઓ જગાવી છે! જીમ વેર પહેરેલી કરીનાનો બેબી બમ્પ દેખાતો હોવાનો દાવો કરતા ફેન્સ કોમેન્ટ સેક્શનમાં પૂછી રહ્યા છે કે, 'શું બેબો ફરી પ્રેગ્નન્ટ છે?" કે 'દીકરી માટે આ પ્લાનિંગ છે?' એક યુઝરે લખ્યું OMG! શું એ ફરીથી પ્રેગનેન્ટ છે? તૈમુર અને જેહની મમ્મી કરીનાએ હજુ આ અફવાઓ પર કોઈ પ્રતિક્રિયા આપી નથી. અગાઉ 2022માં પણ આવી અફવાઓ પર કરીનાએ મજાકિયા અંદાજમાં કહ્યું હતું કે, 'આ પાસ્તા અને વાઈનની અસર છે, કૂલ ડાઉન!

# વિશ્વની સૌથી વૃદ્ધ વ્યક્તિએ ૧૧૭મો જન્મદિન ઉજવ્યો

**ગયા વર્ષે** વિશ્વની સૌથી વૃદ્ધ વ્યક્તિનું બિરૂદ ધારણ કરનાર એથલ કેટરહામે બે વિશ્વયુદ્ધો સહિત અનેક ઘટનાઓ જોઇ છે



લંડન, તા. ૨૧: વિશ્વની સૌથી વૃદ્ધ વ્યક્તિ 'ઘણી નવી બાબતો'ના અનુભવ વાળા વર્ષ પછી બ્રિટનના સરેમાં આવેલા તેમના કેર હોમમાં પોતાનો 117મો જન્મદિન ઉજવી રહ્યા છે.

એથલ કેટરહામ, જેઓ લાઈટવોટરમાં આવેલ હોલમાર્ક લેકવ્યૂ કેર હોમમાં રહે છે, તેઓ આ પોતાના પરિવાર અને મિત્રો સાથે સમય વિતાવીને આ સીમાચિહ્નરૂપ જન્મદિવસની ઉજવણી કરી રહ્યા છે. શ્રીમતી કેટરહામનો જન્મ 21 ઓગસ્ટ, 1909ના રોજ હેમ્પશાયરના શિપટોન બેલિંગરમાં થયો હતો, અને તે પછી વિલ્ટશાયરમાં કાઉન્ટી સરહદની પેલે પાર આવેલા નજીકના ટિડવર્થમાં તેમનો ઉછેર થયો હતો.

ICICI લોમ્બાર્ડ, એસબી જૈન એન્ડ એસોસિએટ્સમાં લો ફેકલ્ટીના વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ

# ૭ નેશનલ મૂટ કોર્ટ કોમ્પિટિશનમાં પારૂલ યુનિ.ના વિદ્યાર્થીઓએ એવોર્ડ્સ જીત્યાં

**ફેકલ્ટી** ઓફ લોના વિદ્યાર્થીઓને સુપ્રીમ કોર્ટના જસ્ટીસ ઉજ્જલ ભુયાન અને જસ્ટીસ એન. કોટિશ્વરનું પ્રેરક સંબોધન



સુપ્રીમ કોર્ટના જસ્ટીસ એન. કોટિશ્વર અને જસ્ટીસ ઉજ્જલ ભુયાને વિદ્યાર્થીઓને યુનિ.માં કાયદા વિશે આયોજિત એક રસપ્રદસ સેશનમાં વિદ્યાર્થીઓને પ્રેરક સંબોધન કર્યું હતું.

વડોદરા: વર્તમાન સમયમાં જ્યારે લીગલ પ્રોફેશન વૈશ્વિક અને સ્પેશિયલ ડોમેઈનમાં બદલાઈ રહ્યું છે ત્યારે NAAC A++ માન્યતા ધરાવતી પારૂલ યુનિ. શૈક્ષણિક પ્રયાસો અને રિયલ-વર્લ્ડ એક્સપોઝર સાથે લીગલ શિક્ષણને પુનઃવ્યાખ્યાયિત કરી રહી છે. યુનિ.નું ડિપાર્ટમેન્ટ ઓફ લો એક ડાયનેમિક પ્લેટફોર્મ તરીકે ઉભર્યું છે, જ્યાં લીગલ પ્રોફેશનલ્સ બનવા ઈચ્છુક વિદ્યાર્થીઓને સ્ટ્રક્ચર્ડ લર્નિંગ, એક્સપર્ટ ગાઈડન્સ અને ઈન્ડસ્ટ્રી સાથે સતત જોડાણ ઓફર કરાય છે. યુનિવર્સિટીની લો ફેકલ્ટીમાંથી ૨૫૦ જજીસ માસ્ટર્સ કોર્સ કર્યા.

યુનિ.માં યોજાતી લેક્ચર સિરિઝ આ પ્રોગ્રામની મહત્વપૂર્ણ હાઈલાઈટ છે, જ્યાં વિદ્યાર્થીઓને સુપ્રીમ અને હાઈ કોર્ટના જસ્ટીસ તેમજ વરિષ્ઠ વકીલો અને કાનૂની નિષ્ણાંતો સાથે નિયમિત ધોરણે સંવાદ કરવાની અમૂલ્ય તક મળે છે. ઉલ્લેખનીય છે કે યુનિ.ના વિદ્યાર્થીઓની સખત મહેનત અને ફેકલ્ટીના કેન્દ્રિત પ્રયાસોના પરિણામરૂપે આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ, એસબી જૈન એન્ડ એસોસિએટ્સ સહિતની કંપનીઓએ ઈન્ડસ્ટ્રીના બેસ્ટ સેલેરી પેકેજ સાથે વિદ્યાર્થીઓને જોબ ઓફર કરી છે. આ ઉપરાંત નેશનલ મૂટ કોર્ટ કોમ્પિટિશનમાં પણ વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે.

યુનિ.માં આયોજિત સંવિધાન પે ચર્ચા, PIMC ૨૦૨૬, લો કોન્ક્લેવ તેમજ વર્કશોપમાં સુપ્રીમ કોર્ટ અને હાઈ કોર્ટના ન્યાયાધીશ ઉપસ્થિત રહ્યા હતાં, જેમાં જસ્ટીસ આર. મહાદેવન, જસ્ટીસ પંકજ મિથલ અને જસ્ટીસ રાજેશ બિંદલ વગેરેનો સમાવેશ થાય છે.

ગુજરાત સરકાર પાસેથી સેન્ટર ઓફ એક્સલેન્સનો દરજ્જો ધરાવતી યુનિ. તેના વિદ્યાર્થીઓને ભારત અને વિદેશોમાં કાયદાક્ષેત્રે સતત વિકસતી તકોનો લાભ લેવા સજ્જ કરે છે. આજે, ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ, ક્રોસ-બોર્ડ ટ્રેડ, ઈન્ટરનેશનલ આર્બિટ્રેશન, કોર્પોરેટ કમ્પ્લાયન્સ અને લીગલ કન્સલ્ટન્સી સહિતના સ્પેશિયલાઈઝ્ડ ક્ષેત્રોમાં જબરદસ્ત વૃદ્ધિ જોવા મળી રહી છે ત્યારે યુનિ. સુનિશ્ચિત કરે છે કે વિદ્યાર્થીઓ અભ્યાસક્રમ, વર્કશોપ અને ઈન્ડસ્ટ્રી એક્સપર્ટ્સ સાથે સંવાદ દ્વારા ઉજ્જવળ કારકિર્દી વિકસાવી શકે.

તાજેતરમાં યુનિ.એ ફ્લેગશીપ કોન્ક્લેવ સંવિધાન પે ચર્ચા ૩.૦નું સફળ આયોજન કર્યું હતું, જેમાં સુપ્રીમ કોર્ટ અને મદ્રાસ હાઈકોર્ટના પૂર્વ ચીફ જસ્ટીસ ઈન્દિરા બેનર્જીએ વક્તવ્ય આપ્યું હતું. આ ઉપરાંત યુનિ.માં યોજાયેલા પ્રથમ ઈન્ટરનેશનલ મીડિએશન કોમ્પિટિશનમાં દિલ્હી હાઈકોર્ટના માનનીય જસ્ટીસ ગિરિશ કથપલિયા અને ગુજરાત હાઈ કોર્ટના જજ માનનીય જે. સી. દોશીએ ભારતીય લીગલ સિસ્ટમમાં મીડિએશનની ઉભરતી મહત્વતા વિશે સંબોધન કર્યું હતું.

## સુપ્રીમ કોર્ટના પૂર્વ ચીફ જસ્ટીસ ડી. વાય. ચંદ્રચુડનું બંધારણીય મૂલ્યો અને નૈતિક આચરણ ઉપર સંબોધન



વડોદરા લિટરેચર ફેસ્ટિવલમાં સુપ્રીમ કોર્ટના પૂર્વ ચીફ જસ્ટીસ ડી. વાય.ચંદ્રચુડે વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી સંબોધન કરતાં કહ્યું હતું કે, "આપણો દેશ વૈવિધ્યસભર છે અને ભારતની સાચી તાકાત તેની વૈવિધ્યતા જ છે. આથી એકબીજાનો આદર કરો અને એકબીજાને સમજો. બંધારણ તમને અધિકાર આપે છે અને જો તમે બીજાના અધિકારોનું સન્માન કરશો ત્યારે જ સમાજમાં યોગ્ય સંતુલન બનશે."

## યુનિ. દ્વારા ઓફર કરાતા કોર્સિસ

**લો કોલેજના અભ્યાસક્રમો:**
BA LL.B (Hons.), BBA LL.B (Hons.), B.Com LL.B (Hons.), LL.B, LL.M

**સોશિયલ વર્કના અભ્યાસક્રમો:**
BSW, BSW (Hons.), MSW, MSW - HRM

## સોશિયલ વર્કના વિદ્યાર્થીઓનું એબીબી, એલએન્ડટી, સનફાર્મા જેવી પ્રતિષ્ઠિત કંપનીઓમાં પ્લેસમેન્ટ

ફેકલ્ટી ઓફ સોશિયલ વર્કના વિદ્યાર્થીઓની પ્રતિભાથી આકર્ષાઈને ઘણી અગ્રણી સંસ્થાઓએ તેમને ખૂબજ સારા સેલેરી પેકેજ સાથે જોબ ઓફર કરી છે. દર વર્ષે ૧૦૦ ટકા પ્લેસમેન્ટની સિદ્ધિને જાળવી રાખતાં આ વર્ષે પણ MSW, MSW-HRM અને BSWના વિદ્યાર્થીઓના એબીબી, એલએન્ડટી, સનફાર્મા સહિતની કંપનીઓમાં પ્લેસમેન્ટ થયાં છે, તેમજ અમૂક વિદ્યાર્થીઓએ પોતાનું સાહસ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે તો કેટલાક વિદ્યાર્થીઓએ સ્પર્ધાત્મક પરીક્ષા આપવાનો અથવા ઉચ્ચ-અભ્યાસ કરવાનો નિર્ણય કર્યો છે. આ સફળતા વિદ્યાર્થીઓની સખત મહેનતની સાથે-સાથે ફેકલ્ટીના કેન્દ્રિત પ્રયાસો સૂચવે છે.

# મુંબઈના કુર્લામાં મકાનો પર તૂટી પડી ભારે ક્રેન

**પોકલેન** બહાર કાઢતી વખતે ક્રેને સંતુલન ગુમાવ્યું, 3 મહિનાના બાળક સહિત 10 ઈજાગ્રસ્ત

**મ્હાડા** બિલ્ડિંગની કમ્પાઉન્ડ વોલ અને વાહનો કચડાયા

**હાઈ-ટેન્શન** રેલવે વાયર તૂટતાં માલગાડી વ્યવહાર ખોરવાયો



મુંબઈ, તા. 21 (પીટીઆઈ): મુંબઈના કુર્લા ઈસ્ટ સ્થિત ઈન્દિરા નગરમાં શુક્રવારે વહેલી સવારે પોકલેન મશીનને બહાર કાઢવા લાવવામાં આવેલી ભારે હાઈડ્રોલિક ક્રેન અચાનક સંતુલન ગુમાવતા નજીકના મકાનો પર તૂટી પડી હતી. આ અકસ્માતમાં ત્રણ મહિનાના બાળક સહિત કુલ 10 લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઘટના સમયે ક્રેન હાઈ-ટેન્શન રેલવે વાયર, કુરેશી નગરના મકાનો, મુખ્ય રોડ અને મ્હાડા બિલ્ડિંગની કમ્પાઉન્ડ વોલ પર પડી હતી, જેનાથી કમ્પાઉન્ડમાં પાર્ક કરેલા વાહનો પણ કચડાઈ ગયા હતા.

ઈજાગ્રસ્તોમાં જગરૂલ્લા ખાન, અહેમદ નિયાઝ (3 મહિનાનું બાળક), અતિકુર રહેમાન, હકુમ શેખ, નુમાન ખાન, રહેમાન ખાન, સૂરજ ગૌડ (10 વર્ષ), અકબર, રાજુ ગૌડ અને આરતી ગૌડનો સમાવેશ થાય છે.


## જાહેર ચેતવણી

હમારા અસીલ ડૉ. પટેલ યશસ્વીબેન મુકેશભાઈ રહેવાસી પીપલોદ સુરતના ને તેમની મામી નીરૂબેન પ્રવિણભાઈ પટેલ કે જેઓ વલસાડ મુકામે રહેતા આવેલા છે. જેમની બાજુમાં રહેતા P.I (પોલીસ ઈન્સ્પેક્ટર) સાહેબ સુરજસીંગ વસાવાના પત્ની વિધીબેન સુરજસીંગ વસાવા કે જેઓ સરકારી કચેરીમાં નાણા આપી કોઈપણ પ્રકારના કામો કરાવી આપે છે જેઓ એ હમારા અસીલને જણાવેલ કે નવસારી અંબિકાનદી પર રેતી ખનનનું કામ હું તમને અપાવી દેઈશ. જે પેટે તમારે મને તથા મારી સાથે IPS. IS. અધિકારી ઓ છે જેઓને ૪૦,૦૦,૦૦૦(ચાલીસ લાખ) રૂપિયા આપવા પડશે. અને તેઓ એ હમારા અસીલને જણાવેલ કે તેઓ એડવોકેટ છે અને સુરતના સરકારી વકીલ સાથે ઘણા કામો કરી ચુકેલા છે. જેથી હમારા અસીલને તેઓની વાતો પર વિશ્વાસ મુકેલો અને તેઓને ૫,૦૦,૦૦૦ (પાંચલાખ) રૂપિયા રોકડ ઠાકોરભાઈ પટેલની રૂબરૂ આપેલા તથા બીજા ૯,૦૦,૦૦૦(નવલાખ) રૂપિયા આંગડિયા પેઢી મારફત વલસાડ મુકામે મોકલેલા હતા. હમારા અસીલે તેમને વારવાર કામ કયાં સુધી પહોચેલ છે તેવુ પુછતા તો તેઓ હમારા અસીલને નવી નવી સ્કીમો બતાવતા હતા અને જે તે સમયે તેઓ એ હમારા અસીલ કનેથી બે ચેકો લઈ લીધા હતા. જે ચેકો બેંક ઓફ ઈન્ડિયા પીપલોદ સુરત શાખાના હતા જેનો ચેક નંબર (૧) ૧૫૭૦૯૪ (૨) ૧૫૭૦૯૩ હતા અને જેતે સમયે હમારા અસીલના માતા પિતા આઉટ ઓફ ઈન્ડિયા હોવાથી વિધીબેનએ ખુંબ જ ટોર્ચર કરી ચેકો તથા રૂપિયા હમારા અસીલ પાસેથી પડાવી લીધા હતા. ત્યારબાદ ઓનલાઈન હમારા અસીલ પાસેથી મીતલ પટેલના એકાઉન્ટમાં ૩,૪૫,૦૦૦ તથા બીજલ આશીષ ચાવડા મા ૫૦૦૦૦ તથા નીરૂબેન પટેલમાં બીજા ૫૦,૦૦૦ લીધા હતા આમ કુલ્લે હમારા અસીલ કનેથી ૧૮,૪૫,૦૦૦ (અઢાર લાખ પીસ્તાલીસ હજાર) અને બીજા ૨,૦૦,૦૦૦ રોકડા વિધીબેન લઈ ગયા હતા, છેલ્લા ઘણા સમય થી હમારા અસીલ નાણાની માંગણી કરતા ટિકુબેન ઉર્ફે હેમાન્સીબેન પટેલ જેઓનો મો. ૯૪૦૯૪૧૮૫૬૯ પરથી કોલ આવતા અને હમારા અસીલને જણાવતા હતા કે તમોને ૧૦ દિવસમાં નાણા આપી દેઈશ એમ કરીને ૭ થી ૮ મહિના કાઢી નાખેલા ત્યારબાદ P.I સાહેબને આ અંગેની જાણકારી આપતા વિધીબેન ગરમ થઈ ગયેલ અને હમારા ચેકનો દુરઉપયોગ કરી વિનોદભાઈ બારોટના ખાતામા રૂપિયા ૨૨,૦૦,૦૦૦ (બાવીસ લાખ)નો તા. ૨૧/૦૮/૨૦૨૬ના રોજ ચેક અમારા અસીલના નામનો નાખેલ છે. એ પહેલા વિધીબેન તા. ૨૦/૦૮/૨૦૨૬ના રોજ ઠાકોરભાઈને જણાવેલ કે તમામ રૂપિયા બે દિવસમાં આપી દેઈશ આમ કરીને વિધીબેન નીરૂબેન તથા હેમાસીબેન એ હમારા અસીલ સાથે છેતર પીડી તથા વિશ્વાસઘાત કરેલ છે. તથા હમારા અસીલને વિધીબેન એ જણાવેલ કે મારા પતી P.I છે અને તમને ખોટા કેસમાં ફસાવી દેશે તથા તમારૂ મર્ડર કરાવી દેશે તથા તમારૂ કીલીનીક બંધ કરાવી દેવાની ધમકી આપેલ છે તેઓ એ તેઓના મોબાઈલ નંબર : ૭૯૯૦૯૯૬૫૭૪ પર વોટસ ના DP પર પણ PI હાલના ૩ સ્ટારનો ફોટો મુકી લોકોને ડરાવે છે જેથી ઉપરોક્ત તમામે તમામ આરોપી વિરૂધ્ધ હમારા અસીલ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ હેઠળ ફરીયાદ કરનાર છે.

(ડૉ. પટેલ યશસ્વીબેન મુકેશભાઈ)

ઓફીસ : શ્રી ગેલેરીયા, ૪૨૮-૪૨૯, ચોથો માળ, સંજીવકુમાર ઓડીટોરીયમની બાજુમાં, પાલ-અડાજણ, સુરત. મો. ૯૮૨૫૩૨૪૯૭૮

જીતેન્દ્ર એ. વાકાંવાલા
આર્યન જીતેન્દ્ર વાકાંવાલા
એડવોકેટસ


# હૈદરાબાદમાં સાંસદ રમેશના પુત્રની એસ્ટન માર્ટિને યુવતીને કચડી

**વાયરલ** વીડિયોમાં મિત્ર આક્રંદ અને મદદ માટે પુકાર કરતા દેખાઈ રહ્યા છે

હૈદરાબાદ, તા. 21: હૈદરાબાદના ઈનોર્બિટ મોલ નજીક રોડ ઓળંગી રહેલી 26 વર્ષીય ભારતી મુખી પર અતિ ઝડપે આવી રહેલી એક એસ્ટન માર્ટિન કાર કાળ બનીને ત્રાટકી હતી. 16 ઓગસ્ટે સર્જાયેલા આ ભયાનક અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલી યુવતીનું મોત નિપજ્યું હતું. આ અકસ્માત માટે આંધ્રપ્રદેશના રાજ્યસભા સાંસદ અને જન સેના પાર્ટીના નેતા લિંગામનેની રમેશના 21 વર્ષીય પુત્ર લિંગામનેની સંજુષ સામે આક્ષેપ છે.

અકસ્માત બાદનો એક વાયરલ વીડિયો સામે આવ્યો છે, જેમાં લોહીલુહાણ હાલતમાં પડેલી ભારતી પાસે તેની સાથી કર્મચારી રડી-રડીને મદદ માટે કરગરી રહી છે, જ્યારે સ્થાનિકોએ કારચાલકને ઘેરી લીધો હતો. બાદમાં તેને એ જ કારમાં જ્યુબિલી હિલ્સની એપોલો હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. ઓડિશાની વતની ભારતી મોલમાં સેલ્સ એક્ઝિક્યુટિવ હતી અને પરિવારની એકમાત્ર કમાઉ સભ્ય હતી. માધાપુર પોલીસે આ મામલે કેસ નોંધી કાર જપ્ત કરી છે. ડ્રગ્સ અને દારૂના પ્રાથમિક ટેસ્ટ નેગેટિવ આવ્યા છે. સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકા મુજબ ઓછી સજાની જોગવાઈ હોવાથી આરોપીને અટકાયત કરી નોટિસ પાઠવવામાં આવી છે.


## હાર્દિક અભિનંદન અને શુભેચ્છા સહ

સુરત જીલ્લાના ખેડુતોની અગ્રણ્ય સહકારી સંસ્થા
ખેતીવાડી ઉત્પન્નબજાર સમિતિ, સુરત

APMC

ના પ્રમુખ તરીકેની શ્રી અંકુરભાઈ પટેલની નિમણુંક થવા બદલ ખુબ ખુબ અભિનંદન...



શ્રી અંકુરભાઈ પટેલ(કોસાડ)
પ્રમુખ, APMC, સુરત

ખુબ ખુબ અભિનંદન...

પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી તથા વ્યવસ્થાપક કમિટી સભ્યશ્રીઓ
મેનેજરશ્રી તથા કર્મચારી ગણ તેમજ મંડળીના સભાસદ પરિવાર

ધી અમરોલી વિભાગ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. અમરોલી, સુરત


# બલૂચિસ્તાનમાં ઉગ્રવાદીઓ 'વિદેશી પ્રોક્સી: પાકિસ્તાન આર્મી ચીફ

**અસીમ** મુનીરનો આરોપ-બલૂચિસ્તાનને અસ્થિર કરવા અને સરકાર-લોકો વચ્ચે અંતર વધારવા માટે વિદેશી સમર્થિત ઉગ્રવાદીઓનો ઉપયોગ થઈ રહ્યો છે

ઈસ્લામાબાદ, તા. 21 (પીટીઆઈ): પાકિસ્તાનના આર્મી ચીફ ફિલ્ડ માર્શલ સૈયદ અસીમ મુનીરે શુક્રવારે બલૂચિસ્તાનમાં સક્રિય ઉગ્રવાદીઓને 'વિદેશી સમર્થિત પ્રોક્સી' ગણાવીને તેમના પર અશાંત પ્રાંતને અસ્થિર કરવાનો આરોપ લગાવ્યો હતો.

સેનાના નિવેદન મુજબ મુનીરે બલૂચિસ્તાનના અગ્રણી લોકો અને રાજકીય નેતાઓ સાથેની મુલાકાત દરમિયાન આ ટિપ્પણી કરી હતી. ખનિજ સંપદાથી સમૃદ્ધ બલૂચિસ્તાન લાંબા સમયથી અલગતાવાદી બળવાખોરીનો સામનો કરી રહ્યું છે.


